# એફ.આર.પી. બોટ ખરીદવા અંગેની જાહેરાત

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા કુલ બે નંગ ચાર સીટ ની ફાયબર પેડલ બોટ ખરીદી ના કામે પ્રતિષ્ઠીત એજન્સી ઓ પાસે થી નીચે ની શરતોને આધિન ભાવો મંગાવવા મા આવે છે.

૧. એજન્સી એ આ પ્રકાર ના કામો ( કુલ એક નંગ ફાયબર પેડલ બોટો સપ્લાય/સપ્લાય સાથે મેઇન્ટેનન્સ) નો અનુભવ હોવો જરૂરી છે.

૨. એજન્સી ગુજરાતની હોવી જોઇએ.

૩. કામની મુદ્દત વર્કઓર્ડર તારીખથી પંદર દિવસની છે.

૪. એજન્સી દ્વારા બે નંગ ચાર સીટ ની ફાયબર બોટ સપ્લાય કરવામા વિલંબ  થશે તેવા સંજોગોમાં પ્રતિ દિન રૂ. ૧૦૦૦/-પ્રતિ બોટ ની પેનલ્ટી વસુલવામાં આવશે. પેનલ્ટી વધ-ઘટ / રદ કરવા બાબતનો નિર્ણય કમિશ્નરશ્રી, ગાં.મ.ન.પા.નો આખરી ગણાશે.

૫. એજન્સી એ ઇ.એમ.ડી. ની કુલ રૂ. ૮૦૦૦/- રકમનો ડી.ડી. ડેપ્યુટી મ્યુનિસીપલ કમિશ્નર,  ગાંધીનગર મહાનગરપાલિકા ભાવ પત્રકની સાથે બીડવાનો રહેશે. ઇ.એમ.ડી. વગર ના ભાવ પત્રકને ધ્યાને લેવામાં આવશે નહી.

૬. એજન્સીએ ભાવ જી.એસ.ટી., સી.એસ.ટી. તથા અન્ય વેરા  સાથેના આપવાના છે. એજન્સીએ ફાયબર બોટની ડીઝાઇનના ફોટો બીડવાના રહેશે.

૭. ભાવ મંજુર થયેલ એજન્સીએ કુલ રકમ ના ૫ % લેખે સીક્યુરીટી ડીપોઝીટ એફ.ડી.આર./ ગુજરાત સરકાર માન્ય બેંકના સ્વરૂપે  જમા કરવાની રહેશે.

૮. કામગીરી અંગે વાદ-વિવાદ ના કિસ્સામા ગાંધીનગર જ્યુડીસીયલ માન્ય ગણાશે.

૯. એજન્સી એ બંધ કવરમાં ઇ.એમ.ડી. ની રકમ નો ડી.ડી. તથા એજન્સીના અનુભવના પ્રમાણપત્રો એક બંધ કવરમાં તથા ભાવ પત્રક બીજા બંધ કવરમાં એમ બન્ને બંધ કવર એક મોટાબંધ કવરમાં બીડી ને નીચે જણાવેલ સરનામે તા. ૧૪/૦૬/૨૦૧૮ ઓફિસ કલાક દરમિયાન સુધીમાં R.P.A.D. અથવા સ્પીડ પોસ્ટથી મોકલવાના રહેશે. કવર પર એફ.આર.પી. બોટ ના ભાવપત્રક એમ દર્શાવવુ. કુરીયર દ્વારા તેમજ મોડા આવેલ ભાવ પત્રકો ધ્યાને લેવામાં આવશે નહી.

નાયબ મ્યુનિસીપલ કમિશ્નર
ગાંધીનગર મહાનગરપાલિકા
બહુમાળી ભવન, પ્રથમ માળ, સેક્ટર ૧૧,
ગાંધીનગર -૩૮૨૦૧૧

૧૦. આ કામગીરી બાબતે મા. કમિશ્નરશ્રી, ગાં.મ.ન.પા. નો નિર્ણય આખરી ગણાશે.

૧૧. ફાયબર બોટ સ્પેસીફીકેશન :-

Material : FRP (Fiber Reinforced Plastic)

Width 4 ft. (min.)

Length 12 ft (min.)

Depth 2.5 ft.(min.)

FRP thickness 4 mm (min.)

Seat – 4 seat

૧૨. બોટનું ઇન્સ્પેક્શન ગાંધીનગર મહાનગરપાલિકાના અધિકારીશ્રી દ્વારા કરવામાં આવશે. તે બાબતનો ઇન્સ્પેક્શન રિપોર્ટ જ માન્ય ગણાશે.

નાયબ મ્યુનિસીપલ કમિશ્નર
ગાંધીનગર મહાનગરપાલિકા